# ધોળકા નગરપાલિકા, ધોળકા. જી. અમદાવાદ

**એજન્સી પ્રોફાઇલ**

૧. કંપની / એજન્સીનું નામ : ........................................................................................

૨. સંચાલક / મુખ્ય વહીવટકર્તાનું નામ .......................................................................

૩.સરનામું:.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

ફોનનંબર/ મોબાઇલ: .........................................................................

ઇ-મેલ:........................................................................................

૪. કંપની/ એજન્સીની સ્થાપનાનુ વર્ષ: .........................................................................

૫. PAN :.............................................૬. ઇપીએફનંબર:........................................

૭. GSTનંબર:...............................

૮. કંપની / એજન્સીના મુખ્ય કામકાજ ની ટૂકમાં વિગતો:

.....................................................................................................................................

.....................................................................................................................................

.....................................................................................................................................

..................

૯. સદર ક્ષેત્રમાં અનુભવ:

.......................................વર્ષ.......................................મહિના

10. ગુજરાતની કેટલી નગરપાલિકા/મહાનગરપાલિકામાં આ કામગીરી પુરી પાડેલા છે?

.....................................................................................................................................

.....................................................................................................................................

.....................................................................................................................................

...........................

**બિડિંગ એજન્સી સહી સિક્કો**

# ધોળકા નગરપાલિકા, ધોળકા. જી. અમદાવાદ

## ======ટેકનિકલ શરતો:=====

(૧) એજન્સીએ નગરપાલિકા/મહાનગરપાલિકામાં છેલ્લા ૩ વર્ષમાં કામ કરેલું હોવું જોઈએ તથા તે સંબધિત વર્કઓર્ડર બિડેલ હોવા જોઈશે.

(૨) એજન્સીનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર ઓછા માં ઓછું રૂ.1,00,00,000 (છેલ્લા 5 વર્ષનું સરેરાશ ) હોવું જોઈશે. (Experience as a contractor of similar nature of work i.e. Operation and Maintenance (O&M) of Pumping Station within last Five (5) financial years)

(3) એજન્સી ઇપીએફ અને ઇ.એસ.આઇ. સર્ટિફિકેટ ધરાવતો હોવો જોઈશે અને UDYAM રજીસ્ટ્રેશન હોવું જોઈશે.

(૪) સદર કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવતા પોતાની માલિકીના સાધનો વર્ષ-૨૦૧૫ પછીના તેમજ વ્હીકલ માઉન્ટેડ મશીન બંધ બોડીના હોવા જોઇશે. તેનું RTO પાસીંગ ફરજીયાત પણે કરાવેલું હોવું જોઈએ તથા રજીસ્ટ્રેશન (RC)બુક ટેન્ડર સાથે બીડવાની રહેશે.

(૫) એજન્સીએ નગરપાલિકા નિયામકશ્રી તથા શ.વિ. અનેશ.ગૃહનિર્માણ વિભાગના પરિપત્રનં.નપાનિ/ મ-2/વશી/69 16-04-2014 મુજબ સફાઈકામદારનો ૪0.00 લાખની વીમા પોલિસી રજૂ કરવાનીરહેશે.

(૬) સદરહુ કામગીરી ધનકચરા નિકાલ (વ્યવસ્થા અને નિયંત્રણ) નિયમો-૨૦૧૬ મુજબ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ ઇજારદારે કામગીરી કરવાની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર દ્વારા ઢીલ/ચૂક કે બેદરકારી રાખવામાં આવશે તો ઈજારદાર સામે સુપ્રીમકોર્ટની માર્ગદર્શિકાના ઉલંઘન બદલ ફોજદારી ગુનો નગરપાલિકા દ્વારા દાખલ કરવામાં આવશે. એસડબ્લ્યુએમ-૨૦૧૬ વિષે આઈઈસીની કામગીરી અવશ્ય કરવાની રહેશે. .

(૯) નગરપાલિકાના મંજૂર થયેલ/થવાના નિયમો અને સરકારશ્રીની વખતોવખતની ગાઇડલાઇન્સ તથા નામદાર સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન્સ અન્વયે નગરપાલિકાની કામગીરીનું અસરકારક, પારદર્શી, જવાબદેહી અમલીકરણ કરવા તથા સદર સેવાઓને વધુ અસરકારક રીતે આપીશકાય તથા નાગરિકોની ફરિયાદનું યોગ્ય રીતે ટ્રેકિંગ થાય તે પ્રમાણેની કામગીરી કરવાની રહેશે.

(૧૦) ઇજારદારે પંપિગ સ્ટેશન માટે જરૂરી મશીનરીનો ઉપયોગ કરવાનો રેહેશે. કોઈપણ સંજોગોમાં કામદારને પંપિગ સ્ટેશનમાં ઉતારવાના રેહેશે નહિ.

(૧૧) આ કામમાં થર્ડ પાર્ટી ઇન્સ્પેકશનના ચાર્જીસ ઇજારદારના બિલમાંથી કપાત કરવામાં આવશે.

(૧૩) આ ટેન્ડરમાં જે પાર્ટી L1 આવશે એને ૩ મહિના માટે ધોળકા નગરપાલિકામાં ટ્રાયલ બેઝ પર ભરેલ ભાવ પ્રમાણે કામ કરવાનું રહેશે. અને આ ૩ મહિનામાં ઇજારદારનું કામ પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રી ધોળકા નગરપાલિકાને સંતોષકારક જણાશે તો તેમને કામ એલોટ કરી વધારાના ૯ મહિનાનો કોન્ટ્રાક્ટ કરવામાં આવશે. તથા ઇજારદારનું કામ સંતોષકારક નહિ જણાય તો તેમને ૩ મહિનાનું ચુકવણું કરી બરખાસ્ત કરવામાં આવશે. તથા જે ઈજારેદારને ૯ મહિનાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે તેમની કામગીરી સંતોષકારક જણાશે તો ૯

માસ પત્યા પછી તેમને ધોળકા નગરપાલિકાના પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રી તથા તે ઇજારદારની સંમતિથી બીજા ૨ વર્ષનો કોન્ટ્રાક્ટ રીન્યુ કરી શકાશે.

| | | | |
|---|---|---|---|
| **એજન્સીનો સહી, સિક્કો** | **ઇન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેકટર** | **ચીફ ઓફિસર** | **પ્રમુખ** |
| | **ધોળકા નગરપાલિકા** | **ધોળકા નગરપાલિકા** | **ધોળકા નગરપાલિકા** |

# ધોળકા નગરપાલિકા, ધોળકા. જી. અમદાવાદ

## <u>ટેન્ડર ભરવાની લાયકાત</u>

(૧) ઇજારદારે ટેન્ડર ભરતી વખતે ટેન્ડર ડોક્યુમેન્ટમાં ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી. પેટેનો ડી.ડી., પોતાની એજન્સીના જી.એસ.ટી. નંબર, ઈપીએફ નંબર તથા પાનકાર્ડ કોપી રજુ કરવાની રહેશે.

(૨) ઇજારદારે સરેરાશ વાર્ષિક ટર્નઓવર ઓછામાં ઓછું રૂ.1,00,00,000 (છેલ્લા ૫ વર્ષનું સરેરાશ) હોવું જોઈશે. જે સી.એ. પાસે પ્રમાણિત કરેલ હોવું જોઇશે. (Experience as a contractor of similar nature of work i.e. Operation and Maintenance (O&M) of Pumping Station within last Five (5) inancial years

(3) એજન્સીએ નગરપાલિકા/મહાનગરપાલિકામાં છેલ્લા ૩ વર્ષમાં આ પ્રકારનું કામ કરેલું હોવું જોઈએ તથા તે સંબધિત વર્ક કમ્પલીશન સર્ટિફિકેટ બિડેલ હોવા જોઈશે.

(૪) ઇજારદારે રાષ્ટ્રીયકૃત બેન્કની રૂ.50,00,000/- સોલવન્સી રજુ કરવાની રહેશે.

(૫) ઇજારદારે છેલ્લા ૩ વર્ષના ઇન્કમટેક્ષ રીટર્નના પ્રમાણપત્ર સી.એ. પાસે પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે.

(૬) એજન્સી EPF અને ESI સર્ટિફિકેટ ધરાવતો હોવો જોઈશે અને UDYAM રજીસ્ટ્રેશન હોવું જોઈશે.

નોંધ : આ તમામ દસ્તાવેજો ઇજારદારે પ્રમાણિત કરી ફીજીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ નગરપાલિકાને સમયમર્યાદામાં પહોંચતા કરવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| **એજન્સીનો સહી, સિક્કો** | **ઇન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેકટર**<br>**ધોળકા નગરપાલિકા** | **ચીફ ઓફિસર**<br>**ધોળકા નગરપાલિકા** | **પ્રમુખ**<br>**ધોળકા નગરપાલિકા** |

# ધોળકા નગરપાલિકા, ધોળકા. જી. અમદાવાદ

**-::સામાન્ય શરતો::-**

(૧) **ધોળકા ભુગર્ભ ગટર યોજના અંતર્ગત તમામ પમ્પિંગ સ્ટેશન ઓપરેશન અને મેઇન્ટેનન્સની કામગીરીનું કામ** ટેન્ડરના ભાવ તમામ પ્રકારના વેરા/ટેક્ષ સહિતના ભાવો ભરવાના રહેશે.

(૨) ટંન્ડર RPAD થી મોકલવાના રહેશે તથા ભાવ ભરનાર કંપનીએ પૂરું નામ, સરનામું તથા મોબાઈલ નંબર સ્પષ્ટ અક્ષરે લખવાના રહેશે.

(૩) ટેકનીકલ બીડ સાથે રૂ. 1,00,000/- ઇએમડી નેશનલાઈઝ અથવા શેડ્યુલ બેન્કની ડી.ડી. સામેલ કરી તથા ટેન્ડર ફી ના રૂ. 2832/- નેશનલાઈઝ અથવા શેડ્યુલ બેન્કની ડી.ડી. સામેલ કરવો.

(૪) ભાવ તમામ કરવેરા સાથે આપવાના રહેશે. શરતી ટેન્ડર નામંજૂર કરવામાં આવશે.

(૬) ટેન્ડરમાં સામેલ ભાવપત્રકમાં જ ભાવ તમામ વેરા સહીત ભરવાના રહેશે. તે સિવાયના ટેન્ડર કે ભાવ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૭) નગરપાલિકામાં નિયત કરેલ સમયમર્યાદામાં મળેલ ભાવપત્રકો કોઇપણ કારણ આપ્યા સિવાય મંજુર/નામંજૂર કરવાની સત્તા ધોળકા નગરપાલિકાને રહેશે. મંજૂર થયેલ ભાવપત્રકના ઇજારદારને નગરપાલિકાની સુચના મુજબ કામગીરી નક્કી થાય તે મુજબ કામ કરવાનું રહેશે. તે અંગે કોઈ વાંધો કે તકરાર ચાલશે નહિ.

(૧૦) કામ અંગેની તકરારમાં પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીનો નિર્ણય આખરી અને ઇજારદારને બંધનકર્તા રહેશે.

(૧૧) મંજુર થયેલ ભાવપત્રકના ઇજારદારે નગરપાલિકા સાથે એક વર્ષ માટે કામગીરીનો કરાર કરવાનો રહેશે. કોન્ટ્રાક્ટના સમયગાળા દરમિયાન ઈજારદાર દ્વારા સંતોષકારક સર્વિસ આપવામાં નહિ આવે તો કોઇપણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે અને SD ની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૨) SD નીરકમ કોન્ટ્રાક્ટના મંજુર થયેલ કામ પૂર્ણ થયા બાદ ૨ માસમા પરત કરવામાં આવશે.

(૧૩) સદર કામગીરીમાં કોઇપણ પ્રકારે બાળમજૂર રાખી શકશે નહિ. કામદાર દીઠ રૂ.૪૦-૦૦ લાખનો વીમો વિગેરે લેવાની જવાબદારી એજન્સીની રહેશે. તથા તે લગત અન્ય કોઇપણ પ્રકારના સરકારી કાયદાનું પાલન કરવા એજન્સી બંધાયેલી રહેશે.

(૧૪) નાંમંજૂર થયેલા ટેન્ડરની ડી. ડી. ટેન્ડર મંજૂર થયા તારીખથી ૩૦ દિવસ બાદ ચીફ ઓફિસરશ્રીના નામે અરજી કર્યાથી પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે

(૧૫) કોન્ટ્રાક્ટરનો સમય પૂરો થયા બાદ સિક્યુરિટી ડિપોઝિટ ત્રણ માસમાં પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. સમય મર્યાદામાં અહીં આપેલ ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં

(૧૬) નગરપાલિકામાંથી મળેલ ટેન્ડરોમાંથી મંજુર કરેલ ભાવોના ઇજારદાર કામ કરવા તૈયાર ન હોય તો તેની ઈ.એમ.ડી.ની રકમ જપ્ત કરી તેમના નજીકના બીજા હરીફને સદરહુ કામોનો ઈજારો સોંપવાની કાર્યવાહી કરવામાં આવશે. જે અંગે ઇજારદાર નો કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર ચાલશે નહીં

(૧૭) જે એજન્સીના ટેન્ડર મંજૂર થાય તે એજન્સીએ નગરપાલિકામાં સિક્યુરિટી ડિપોઝિટ જમા કરી કરાર લેખ કરી આપ્યા બાદ વર્કઓર્ડર આપવાની કાર્યવાહી કરવામાં આવશે

(૧૮) જે એજન્સીના ભાવો મંજૂર થાય તે એજન્સીએ નગરપાલિકા દ્વારા આપેલ સમયમર્યાદામાં કામ શરૂ કરવામાં નહીં આવે તો તેઓએ નગરપાલિકામાં જમા કરાવેલ સિક્યુરિટી ડિપોઝિટની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ સદરહું કામોનો નવેસરથી ઇજારો આપવાની કાર્યવાહી કરવામાં કોઈ વાંધો કે તકરાર ચાલશે નહીં

(૧૯) નગરપાલિકાની નાણાંકીય ઉપલબ્ધતા અને અનુકૂળતા પ્રમાણે નાણાંની ચુકવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ બિલમાંથી નિયમાનુસાર ટીડીએસ/GSTની રકમ લેબર સેસની કપાત કરવામાં આવશે

(૨૦) નગરપાલિકા દ્વારા બિલના નાણાં ચૂકવવામાં કોઈ કારણોસર વિલંબ થાય તો કરાર પ્રમાણે નક્કી થયેલ કામમાં અને સમયમર્યાદામાં ઇજારદાર(કોન્ટ્રાક્ટર)નો વિલંબ ચાલશે નહીં

(૨૨) ટેન્ડર ફીની રકમ પરત મળશે નહીં

(૨૪) નગરપાલિકા દ્વારા આપેલ કોન્ટ્રાક્ટર, પેટા કોન્ટ્રાક્ટ આપ્યા અંગે ધ્યાને આવશે તો ઈજારો આપો-આપ રદ ગણાશે. તેમજ નગરપાલિકા દ્વારા ચુકવેલ રકમ વ્યાજ સહિત વસૂલ લેવામાં તથા બાકીની રકમનું ચૂકવણું કરવામાં આવશે નહીં

(૨૫) સદરહુ કામગીરી માટે હેરફેરના વાહન, સફાઈના સાધનો તેમજ લેબરના રક્ષણ માટે જરૂરી જેવા કે હેન્ડ ગ્લોઝ,ગમ-બુટ,એપ્રોન હેડ તેમજ યુનિફોર્મ, સેફટી માસ્ક વિગેરે ઇજારદારે પોતાના ખર્ચે અને જોખમે લાવવાના રહેશે. તેમજ આ વસ્તુનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે

(૨૬) ઈજારો લેનાર ઈસમે રોકવામાં આવેલ કર્મચારી / મજૂરોની ઓળખ માટે ગણવેશ તથા આઇકાર્ડ સરળતાથી દેખાય તે રીતે પહેરવાનો રહેશે

(૨૭) ઈજારો લેનાર ઇસમે સ્ટાફ/મજૂરો પોતાના ખર્ચે અને જોખમે રોકવાના રહેશે. તેમજ જે સ્ટાફ કે મજૂરો રોકાયેલ હોય તેની સઘળી જવાબદારી તથા કોઈ વ્યક્તિને અકસ્માત કે જાનહાની થાય તેની જવાબદારી ઇજારદારને રહેશે

(૨૮) રાત્રી દરમિયાન પણ જરૂરી જણાય ત્યારે કામગીરી કરવાની રહેશે. તથા તે પ્રમાણે માણસો,શિફ્ટ વાઈઝ, રાખવાની રહેશે. ભવિષ્યમાં શહેરની અંદર કોઈ કારણોસર ગટર ચોકઅપ થવાના પ્રશ્નો સર્જાય તો ઇજારદારે સુપર સકર મશીન અથવા મીની સુપર સકર મશીન સિંગલ માઉન્ટેડ જેટિંગથી કામગીરી તાત્કાલિક સ્વખર્ચે કરવાની રહેશે જરૂર જણાય.

(૩૦) ઈજારો લેનાર એજન્સી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા સાધનોને નુકસાન કે અકસ્માત તથા વીમા અંગેની તમામ જવાબદારી ઇજારદારની રહેશે.

(૩૩) ઇજારદારે લેબર કાયદાઓનું પાલન કરવાનું રહેશે, તે અંગેનીતમામ જવાબદારી ઇજારદારની રહેશે.

(૩૪) સદર એજન્સીએ પમ્પીંગ સ્ટેશન  પર મોટર / પંમ્પ / પેનલ બોર્ડ સહિત તમામ મસીનરી રિપેરિંગ સહિતની કામગીરી કરવાની રહેશે. ( નગરપાલિકા દ્વારા તેનો રિપેરિંગનો કોઈ ખર્ચ અલગ થી આપવામાં આવશે નહીં.

(૩૫) કોઇપણ સંજોગોમાં ઇજારદારના રનીંગ બિલમાંથી પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૩૬) ઇજારદારે આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરના કામદારોને આ અકસ્માત દરમિયાન અથવા ગેસની અસર ના કારણે જો કોઈ જાનહાનિ થશે તો સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. ઈસમોના વીમા ઉતારવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

(૩૭) આ ટેન્ડરમાં જે પાર્ટી L1 આવશે એને ૩ મહિના માટે ધોળકા નગરપાલિકામાં ટ્રાયલ બેઝ પર ભરેલ ભાવ પ્રમાણે કામ કરવાનું રહેશે. અને આ ૩ મહિનામાં ઇજારદારનું કામ પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રી ધોળકા નગરપાલિકાને સંતોષકારક જણાશે તો તેમને કામ એલોટ કરી વધારાના ૯ મહિનાનો કોન્ટ્રાક્ટ કરવામાં આવશે. તથા ઇજારદારનું કામ સંતોષકારક નહિ જણાય તો તેમને ૩ મહિનાનું ચુકવણું કરી બરખાસ્ત કરવામાં આવશે. તથા જે ઈજારેદારને ૯ મહિનાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે તેમની કામગીરી સંતોષકારક જણાશે તો ૯ માસ પત્યા પછી તેમને ધોળકા નગરપાલિકાના પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રી તથા તે ઇજારદારની સંમતિથી બીજા ૧વર્ષનો કોન્ટ્રાક્ટ રીન્યુ કરી શકાશે.

(૩૮) ઇજારદારનું કોઈપણ કામ સંતોષકારક નહિ હોય તો પેનલ્ટી તરીકે બિલમાંથી કપાત કરવાનો છેલ્લો નિર્ણય પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીનો રહેશે જે અંગે ઈજારદાર કોઈપણ પ્રકારનો દાવો કરી શકશે નહિ.

(૩૯) ઇજારદારે ભારત સરકારશ્રીના મેન્યુઅલ સ્કેવેન્જર્સ એક્ટ ૨૦૧૩ની તમામ જોગવાઇઓનું તથા નામદાર સુપ્રિમકોર્ટ, નામદાર હાઇકોર્ટ તથા ગુજરાતશ્રીના વખતો-વખતના તમામ ચુકાદાઓ / સૂચનાઓ / હુકમ, ઠરાવો તથા પરિપત્રો વગેરે ધ્યાને લઇ તેની અમલવારી કરવાની રહેશે

(૪૧) ઇજારદારે કુશળ મજૂરો રાખવાના રહેશે તથા તમામ માણસો પર સુપરવિઝન માટે સુપરવાઇઝર રાખવાનો રહેશે. આ સુપરવાઇઝરે રોજ-બરોજ ભૂગર્ભ ગટર ઈન્ચાર્જને ફોટોગ્રાફ સહિત દૈનિક રિપોર્ટ આપવાનો રહેશે.

(૪૨) જો કોન્ટ્રાક્ટર દ્વારા સદરહુ કામગીરી કરવામાં આવશે નહીં, તે દિવસે નગરપાલિકા અથવા એજન્સી પાસે કામગીરી કરાવશે તો તેનો ખર્ચ ઇજારદાર પાસેથી વસૂલ લેવામાં આવશે.

(૪૩) ઇજારદારે જે સાધન-સામગ્રી વસાવે તેની નિભાવણી જાળવણી પોતાના ખર્ચે કરવાની રહેશે. ઇજારદારે કામદારને રહેવા તથા વાહનો પાર્ક કરવાની જગ્યા વ્યવસ્થા પોતાના ખર્ચે કરવાની રહેશે

(૪૪) ઇજારદારે ઉપર જણાવેલ તમામ શરતોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો શરતો અક્ષરસહ અમલ નહીં થાય તો હજારો રદ કરી ભરેલ સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.

(૪૫) નગરપાલિકા દ્વારા આવેલ ટેન્ડર અંગે સૌ પ્રથમ ટેકનિકલ બીડ ખોલવામાં આવશે તેમાં યોગ્ય ઠરેલ ઈજારદારોને જ ફાઈનાન્સિયલ બીડ ખોલવામાં આવશે. ટેકનિકલ બીડમાં નિષ્ફળ ગયેલી ઇજારદારોના ટેન્ડર ફાઈનાન્સીયલ બીડખોલ્યા વગર પરત કરવામાં આવશે.

(૪૬) ટેન્ડર ભરનાર ઈસમે કામગીરી માટેનું આયોજન સાધનસામગ્રીના પુરાવા, અનુભવનું પ્રમાણપત્ર,બેંકની ડિપોઝિટરી રસીદ વગેરે ટેકનિકલ બીડના કવરમાં રજૂ કરવાનું રહેશે. અન્યથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

(૪૭) શરતી ટેન્ડર નામંજુર કરવામાં આવશે.

(૪૮) ઇજારદાર દ્વારા કામ ઉપર રાખવામાં આવેલ કામદારો ઉત્સાહી, સ્વસ્થ તેમજ નાગરિકો સાથે સારી વર્તણૂક કરે તેવા હોવા જોઈએ. તેઓ કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારની ગેરવર્તણૂક અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ધ્યાનમાં આવશે તો અથવા કામગીરી દરમિયાન કોઈપણ નશાયુક્ત દ્રવ્યનું સેવન કરતાં અથવા કરેલ હોય તેવું જણાશે તો તે અંગે ઇજારદાર જવાબદાર રહેશે તથા તે કામદારના વિસ્તારનો યુનિટ ચુકવણી કરવામાં આવશે નહીં.

(૪૯) રજાના તેમજ જાહેર તહેવારના દિવસે પણ કામગીરી ચાલુ રાખવાની રહેશે. તથા કોઈ કામદાર દ્વારા બીમારી અથવા અન્ય કારણોસર રજા લેવામાં આવે તેના અવેજીમાં અન્ય કામદારની વ્યવસ્થા ઇજારદારે કરવાની રહેશે.

(૫૦) નિયત સમયમાં કામગીરી પૂર્ણ ન થાય તેવાસંજોગોમાં વધારાના સમય દરમિયાન કામગીરી કરવાની રહેશે. જે અંગે કોઇ વધારાનો ચાર્જ ચૂકવવામાં આવશે નહીં.

(૫૧) ઈજારદાર દ્વારા કામે લગાડેલ વાહનો બંધ પડે તેવા સંજોગોમાં તાકીદે અન્ય સાધનો કામે લગાડવાના રહેશે. અને તેની જાણ ભૂગર્ભ ગટર શાખાના અધિકારીને કરવાની રહેશે.

(૫૨) ઇજારદાર દ્વારા રોકવામાં આવેલ કામદારે તથા વાહનોના વીમો ઉતરાવવાનો રહેશે. તેમજ સાધનોના ફરજિયાત પણે ઇન્સ્યોરન્સ લેવાનો રહેશે.જેની નકલ નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.નગરપાલિકાના બધા જ

સાધનો અને વાહનોનો વીમો (ઇન્સ્યોરન્સ) નગરપાલિકા દ્વારા કરાવવામાં આવશે જેની રકમ ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૫૩) ઈજારદાર દ્વારા કામગીરી દરમિયાન વાહનો તથા કામદારોને થયેલ કોઈપણ અકસ્માત અંગે સંપૂર્ણ જવાબદારી ઇજારદાર ની રહેશે. જે અંગે નગરપાલિકાની કોઈ પણ જવાબદારી રહેશે નહીં.

(૫૪) ઈજારદાર દ્વારા રોકવામાં આવેલ ડ્રાઇવર સરકાર માન્ય ડ્રાઇવિંગ લાયસન્સ ધરાવતા અનુભવી હોવો જોઈએ.

(૫૫) ઈજારદાર દ્વારા નગર પાલિકાની મિલકત અથવા અન્ય કોઈ ખાનગી મિલકતને નુકસાન પહોંચાડવામાં આવશે તે અંગે થયેલ નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૫૬) ઇજારદાર દ્વારા આવેલ ફરિયાદોનો નિકાલ ૨૪ કલાકમાં કરવાનો રહેશે.

(૫૭) કુદરતી આપત્તિ અથવા કોઈ સમારોહ અથવા અસાધારણ પરિસ્થિતિમાં ઇજારદાર દ્વારા પોતાના સાધનો તથા કામદારો નગરપાલિકાની સુચના મુજબ કામે લગાડવાના રહેશે.

(૫૮) ઈજારદારે ફરિયાદ નિવારણ માટે સુપરવાઇઝર નો મોબાઇલ નંબર શહેરમાં જાહેર જગ્યાએ તથા નગરપાલિકાના ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓને આપવાનો રહેશે. જેથી સમયસર ફરિયાદોનું નિવારણ લાવી શકાય.

(૫૯) ઈ-ટેન્ડરસાથે સામેલ ભાવ પત્રકમાં જ ભાવ ભરવાનો રહેશે. તે સિવાયના ભાવો ધ્યાને લેવામાં આવશે નહીં.

(૬૦) નગરપાલિકાના સાધન દ્વારા સદરહું કામગીરી આપવામાં આવશે તો નગરપાલિકા દ્વારા માત્ર સાધનો જ આપવામાં આવશે. ડ્રાઇવર અને કામદારો તેમજ બળતણ એજન્સી પોતાના ખર્ચે રાખવાના રહેશે.

(૬૧) ઈજારદાર વર્ક ઓર્ડર મળેથી દિન-૩ માં આ કામગીરી શરૂ કરવાની રહેશે.

(૬૩) સદર એજન્સીએ તમામ સાધનો પોતાના લાવવાના રહેશે.

(૬૪) ઇજારદારના કામદારો દ્વારા નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ફરિયાદ શિવાયની જો કોઈ ખાનગી ફરિયાદનો નિકાલ કરતા ધ્યાને આવશે તો ઇજારદારે તેવા કામદારોને છૂટા કરવાના રહેશે. વધુમાં આવા કોઈ કામદારો દ્વારા આવી ફરિયાદનો નિકાલ કરતા સમયે કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તેની તમામ જવાબદારી ઇજારદારની રહેશે. આ બાબતે નગરપાલિકા વિરુદ્ધ કોઈપણ પ્રકારનો દાવો કે દાદ માંગી શકાશે નહીં.

(૬૫) નગરપાલિકાની નાણાકીય ઉપલબ્ધતા અને અનુકૂળતા પ્રમાણે નાણા ચૂકવણી કરવાની કાર્યવાહી કરવાની રહેશે. કોન્ટ્રાક્ટર દ્વારા બિલ રજૂ કરતા સમયે રજુ કરેલ માસના બિલ સાથે તે માસના રાખેલ મજૂરોનો ઈપીએફ ભરપાઈ કરેલ હોય તેના ચલણની કોપી ફરજિયાત રજુ કરવાની રહેશે. નગરપાલિકા દ્વારા બિલના નાણાં

ચૂકવવામાં કોઈપણ કારણોસર વિલંબ થાય તો કરાર પ્રમાણે નક્કી થયેલ કામમાં અને સમય મર્યાદામાં ઇજારદારનો વિલંબ ચાલશે નહીં.

(૬૬) સદરહું કોન્ટ્રાક્ટની મુદત કોન્ટ્રાક્ટરે કામ ચાલુ કર્યા તારીખથી મહત્તમ ૧વર્ષ (૧૨ માસ) સુધીની રહેશે. ખાસ સંજોગોમાં કોઈપણ કારણ દર્શાવ્યા વગર અને કોઈપણ સમયે નગરપાલિકા આ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે. જે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે. વધુમાં ૧ વર્ષ પૂર્ણ થયા બાદ જ્યાં સુધી નવીન ઇજારદારનેઇજારો આપવામાં ન આવે તથા નગરપાલિકા દ્વારા બીજી કોઈ સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી મંજુર થયેલ ભાવો મુજબ જ કોન્ટ્રાક્ટરે કામગીરી કરવાની રહેશે. અને કોઈ પણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહીં. આ અંગે કોઈ કોર્ટ કેસ કે અન્ય કેસ દાખલ કરી તકરાર ઉભી કરી શકાશે નહીં.

(૬૯) ઇજારદારે કરેલ કામના ફોટોગ્રાફ તથા દૈનિક કામગીરી રિપોર્ટ બિલ સાથે રજુ કરવાનો રહેશે.

(૭૦) આ ટેન્ડર રજીસ્ટર પોસ્ટ એડી અથવા સ્પીડ પોસ્ટથીફરજિયાત મોકલવાનું રહેશે.

(૭૧) નાના તથા મોટા વાહનો નગરપાલિકાના રોડ રસ્તા જોઈને મૂકવાના રહેશે.

(૭૨) વિવાદના સંજોગોમાં ન્યાયક્ષેત્ર ધોળકા રહેશે.

(૭૩) ઈજારદારે ગટરના કામ દરમ્યાન જરૂરી સેફ્ટીના તમામ સાધનો રાખવાના રહેશે.

(૭૪) ગટરના કામ દરમ્યાન , કાંસ અને નાળા સફાઈ, વરસાદી લાઈન સફાઈ, ચેમ્બર/મેનહૉલ રિનોવેશ અને બ્રેકડાઉનના કામ ચેમ્બર/મેનહોલ પ્રી-કાસ્ટ/ સિંકિંગ પધ્ધતિના કામ દરમ્યાન તથા અન્ય જોખમી કામ દરમ્યાન ઈજારદારે કામ ચાલુ કરતાં પહેલા ફરજિયાત નગરપાલિકાના અધિકૃત કર્મચારીશ્રીને પોર્ટેબલ ગેસ ફાઈન્ડર ગેઝેટ વિથ એક્સટર્ન પંપ દ્વારા સફાઈ કામદારની સુરક્ષા માટેના રિર્પોટ બતાવીને કામગીરી કરવાની રહેશે. જો આવી રીતે કામગીરી કરવામાં નહીં આવે તો એજન્સીની કામગીરી બંધ કરવામાં આવશે અને જરૂર જણાયતો એજન્સીનું ટેન્ડર કેન્સલ કરવામાં આવશે. ( નામદાર સુપ્રીમ કોર્ટની ભૂગર્ભ ગટરની સફાઈની ગાઈડલાઈન મુજબ કામદારની સુરક્ષા ખાતર )

(૭૫) ગટરના તથા પંપિગના કામ અર્થે સફાઈ કામદારના આરોગ્ય અને સલામતીની જવાબદારી ઈજારદારની રહેશે. તથા કામદારને કોઈપણ જાતની ઈજા, મુત્યુ અગર નુકશાન થશે. તો તેની જવાબદારી ઈજારદારશ્રી રહેશે.

(૭૮) એજન્સીએ ધોળકા નગરપાલિકા તમામ વિસ્તાર , તમામ પમ્પિંગ અવલોકન કરી / સ્થળ પરીક્ષણ કરી, હયાત પરિસ્થિતિને અનુલક્ષીને ભાવ ભરવાના રહેશે. પાછળથી ભાવોમાં કોઈપણ ફેરફાર કરી શકશે નહીં.

(૭૯) એજન્સીએ સાઈડ પર કામ પૂર્ણ થયે સાઈટની સાફ સફાઈ કરીને, કચરાનો યોગ્ય નિકાલ કરીને સ્વચ્છતા કરવાની રહેશે. અને તેના ફોટોગ્રાફ પાળીને નગરપાલિકાના જવાબદાર કર્મચારીને મોકલવાના રહશે.

(૮૦) સદર એજન્સીએ કન્પલેન્ટ બુક નિભાવવાની રહેશે. તથા તેનો સત્વરે ઉકેલ લાવવાનો રહેશે.

(૮૧) સદર એજન્સીએ પમ્પીંગ સ્ટેશન પર મોટર / પંમ્પ રિપેરિંગ સહિતની પમ્પીંગ સ્ટેશનની તમામ કામગીરી કરવાની રહેશે.

(૮૨) ઉપરોક્ત તમામ શરતોનું પાલન ન થયે ટેન્ડર રદ ગણાશે.

ઉપરોક્ત તમામ શરતો તથા સ્પેશીફીકેશન સંપૂર્ણ સભાન અવસ્થામાં વાંચી, સમજી છે અને મારી એજન્સીને સંપૂર્ણ પણે માન્ય છે આ અન્વયે ટેન્ડર કોપી રજૂ કરેલ છે. મુજબની તમામ શરતો અમોને મંજૂર છે. અને તે શરતો મુજબનું કામ કરી આપીશું.

| | | | |
|---|---|---|---|
| **એજન્સીનો સહી, સિક્કો** | **ઇન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેકટર**<br>**ધોળકા નગરપાલિકા** | **ચીફ ઓફિસર**<br>**ધોળકા નગરપાલિકા** | **પ્રમુખ**<br>**ધોળકા નગરપાલિકા** |

# ધોળકા નગરપાલિકા, ધોળકા. જી. અમદાવાદ

## <u>ડેટા શીટ</u>

| પમ્પીંગ સ્ટેશન વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| Sr. No | Qty | Name of Pumping Station | Discharge (m3/hr) | Head (m) | HP |
| 1 | 2 | Circuit House | 300.00 | 21 | 40 |
| | 2 | | 150.00 | 16 | 20 |
| 2 | 2 | Vatva | 800.00 | 16 | 75 |
| | 2 | | 400.00 | 14 | 40 |
| 3 | 2 | Bhavani Society | 100.00 | 11 | 10 |
| | 2 | | 50.00 | 16 | 7.50 |
| 4 | 2 | Mithi Kui | 1500.00 | 21 | 180 |
| | 2 | | 750.00 | 15 | 60 |
| 5 | 2 | Shree Ram Market | 92.00 | 27 | 20 |
| | 2 | | 46.00 | 19 | 10 |
| 6 | 2 | Dholka Sevsadan | 130.00 | 9 | 10 |
| 7 | 2 | Gadhemar | 204.00 | 36 | 45 |
| | 2 | | 102.00 | 20 | 15 |
| 8 | | new 4 pumping station (gudc) | | | |
| | | | | | |

| એજન્સીનો સહી, સિક્કો | ઇન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેકટર<br>ધોળકા નગરપાલિકા | ચીફ ઓફિસર<br>ધોળકા નગરપાલિકા | પ્રમુખ<br>ધોળકા નગરપાલિકા |
|---|---|---|---|

# ધોળકા નગરપાલિકા, ધોળકા. જી. અમદાવાદ

**નીચે મુજબ સાધનો ફરજીયાત પણે હાજર રાખવાના રહેશે.**

(૧) સદર એજન્સીએ  જેટીંગ મશીન તથા અન્ય સાધનો ઇજારદારે લાવવાના રહેશે.

(૨) સળિયા ૧૦૦ નંગ.

(૩) વકીયું (૪ નંગ) પાટા તથા જરૂરી પાનાંનો સેટ.

(૪) ઓક્શીજ્ન માસ્ક સીલીન્ડર.જરુરિયાત મુજબ

(૫) ગ્રેબ બકેટ ૪ નંગ.

(૬) મોટી ટોર્ચ.

(૭) ૫ એચ.પી. મોટર પેનલ સાથે.

(૮) કપૂરની ગોટી, સાબુ.

(૯) ગ્રેબ બકેટ પેડલ રીક્ષા.

(૧૦) સીલ્ડ ઉપાડી જવા પેડલ રીક્ષાઓ .

(૧૧) પાવડા, પાવડીઓ, ત્રિકમ, તગારા, ડોલ વિગેરે જરુરિયાત મુજબ લાવવાના રહેશે.

(૧૨) ૫ એચ.પી. ના ડી-વોટરીંગ ફાઈટર પંપ નંગ-૩ ચોમાસા દરમિયાન કામગીરી માટે.

**કોન્ટ્રાક્ટરની સહી.**